વિદેશમાં મેડિકલ સારવાર માટે ફોરેન એક્સચેન્જમાં ઉદારીકરણ

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા,
એક્સચેન્જ કંટ્રોલ ડિપાર્ટમેન્ટ
સેન્ટ્રલ ઓફિસ
મુંબઈ-400001.

એ.પી. (ડી આઈ આર શ્રેણી) સર્ક્યુલર ક્રમાંક 17

12 સપ્ટેમ્બર, 2002

પ્રતિ,
વિદેશી મુદ્રાના દરેક માન્યતા પ્રાપ્ત ડિલર્સ

શ્રી/સુશ્રી,

વિદેશમાં દાક્તરી સારવાર માટે ફોરેન એક્સચેન્જમાં ઉદારીકરણ

માન્યતા પ્રાપ્ત ડિલર્સ (એડીએસ)નું ધ્યાન દોરવામાં આવે છે કે જી.એસ.આર. 381 (ઈ) તથા 3 મે 2000ના શિડ્યૂલ IIIની આઈટમ નં.9ના નિયમ મુજબ તેમને વિદેશમાં દાક્તરી સારવાર માટેના ખર્ચ બદલ ભારતીય નિવાસીને ભારતના ડૉક્ટર કે વિદેશની હોસ્પિટલ/ ડૉક્ટર તરફથી થનારા ખર્ચનો અંદાજ મેળવી ફોરેન એક્સચેન્જ આપવાની સત્તા આપવામાં આવી છે.

2. નિવાસને વિદેશમાં સારવાર અર્થે મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે અને સમય વ્યય ન થાય તે હેતુસર હવે નક્કી કરવામાં આવ્યું છે કે, માન્યતાપ્રાપ્ત ડિલર્સ 50,000 યુએસ ડોલર્સ કે તેના જેટલી રકમ હોસ્પિટલ/ ડૉક્ટરના અંદાજિત ખર્ચના એસ્ટિમેન્ટ વિના ફોરેન એક્સચેન્જ કરી શકશે.

3. આ અનુસાર, માન્યતા પ્રાપ્ત ડિલર્સ 50,000 યુએસ ડોલર્સ સુધીનું ફોરેન એક્સચેન્જ ભારતીય નિવાસી વિદેશમાં સારવાર માટે જતા હોય તેને આપી શકશે. આ પ્રકારની ચૂકવણી ચેકથી અથવા અરજદારના ખાતામાંથી ડિમાન્ડ ડ્રાફ્ટ મારફત ઉધારીને કરી શકાશે.

4. માન્યતા પ્રાપ્ત ડિલર્સે આ બાબત પરત્વે તેમની સંબંધિત સંસ્થાઓનું ધ્યાન દોરવું.

5. આ પરિપત્રમાંનું દિશાસૂચન ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ, 1999 (1999ના 42) ની કલમ 10(4) અને 11 (1) હેઠળ દર્શાવાયું છે.

આપનો વિશ્વાસુ,

ગ્રેસ કોશી,
મુખ્ય મહા પ્રબંધક